**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ**
**સ્વૈચ્છિક સંસ્થાઓ ને આપેલ માન્યતા બાબત**
**(ચોથો તબકકો)**

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સીડીએમ-૨૦૦૫-૨૭૨૭-૩૯૭-ક-૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૦-૦૨-૨૦૧૦

સંદર્ભઃ- નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,સચિવાલય, ગાંધીનગરના
ઠરાવક્રમાંકઃ સીડીએમ/૨૦૦૫/૨૭૨૭ (૩૯૭) /ક-૨, તા.૨૫/૦૭/૨૦૦૫

**પૂર્વભૂમિકા :**

તા.૨૫/૦૭/૨૦૦૫ ના ઠરાવ અનુસાર પ્રાયોજકોને ચેકડેમની કામગીરી હાથ ધરવા સરકારશ્રી કક્ષાએથી માન્યતા આપવામાં આવે છે ત્યારે જે વર્તુળ કચેરી એ દરખાસ્ત મોકલી હોય તે કચેરી હેઠળ ચેકડેમની કામગીરી હાથ ધરવાની રહેશે તે મુજબ માન્યતાના હુકમમાં જણાવવામાં આવે છે. પ્રાયોજક/ સંસ્થા ગુજરાત રાજ્યનાં કોઇપણ વર્તુળમાં કામ કરવા માંગતી હોય તો હવે તે સંસ્થા સમગ્ર રાજ્યમાં તેઓને આપવામાં આવેલ મંજુરીની મર્યાદામાં ચેકડેમની કામગીરી કરી શકશે. આમ કરવા સારુ પ્રાયોજકશ્રીએ શરૂમાં મંજૂરી આપતી વખતે જે વર્તુળ કચેરી હેઠળ કામ કરવા સારુ સરકારશ્રી તરફથી સુચના આપવામાં આવેલ છે. તે વર્તુળેથી હુકમની તારીખથી ચેકડેમની કામગીરી હાથ ધરેલ નથી. તેવુ પ્રમાણપત્ર મેળવીને જે વર્તુળ કચેરી હેઠળ કામગીરી કરવા ઇચ્છે છે તે વર્તુળ કચેરીને રજુ કરવાનું રહેશે. આમ હાલમાં સહભાગીપણે ચાલતા કામોમાં જે તે કામો કરનાર પ્રાયોજક/ એન.જી.ઓ ને એક વર્તુળ પુરતા સીમિત વિસ્તારમાં કામગીરી કરવાની છુટ આપવામાં આવે છે.

આ રીતે સહભાગીપણે ચાલતા કામોમાં જે તે કામો કરનાર પ્રાયોજક/ એન.જી.ઓ. કે જેઓએ એકવાર ચેકડેમનાં કામ કરવાની મંજૂરી સરકારશ્રી તરફથી મેળવી હોય તો તે મંજૂરીના હુકમની તારીખથી પ્રાયોજક/ એન.જી.ઓ સમગ્ર ગુજરાતમાં કોઇપણ સ્થળે ચેકડેમની કામગીરી હાથ ધરી શકે તે મુજબનો સુધારો બહાર પાડવાની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

**ઠ રા વઃ-**

પ્રાયોજકશ્રીએ એકવાર ચેકડેમનાં કામ કરવાની મંજૂરી સરકારશ્રી તરફથી મેળવી હોય તો તે હુકમની તારીખથી પ્રાયોજકશ્રી સમગ્ર ગુજરાતમાં કોઇપણ સ્થળે ચેકડેમની કામગીરી હાથ ધરી શકે છે . ( એક સાથે ત્રણ થી વધુ ચેકડેમ નહીં ) પરંતુ આના માટે સહભાગીપણે કામો કરનાર પ્રાયોજક/ એન.જી.ઓ. જ્યાં કામ કરવા માગતા હોય તે વર્તુળ / વિભાગીય કચેરીને પોતાના હસ્તકનાં ચાલુ કામની વિગત લેખિતમાં જણાવે. જો સંસ્થા દ્વારા પૂર્ણ પાડવામાં આવેલ વિગતો માં વિસંગતતા જણાશે તો તેમની સામે શિક્ષાત્મક પગલા લઇ પ્રાયોજક તરીકે ની માન્યતા ત્રણ વર્ષ માટે રદ કરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(signature)
ઉપ સચિવ (જળસંચય),
ન.જ.સં.પા.પુ. અને કલ્પ. વિભાગ.

પ્રતિ,

માનનીય રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય અધ્યક્ષશ્રીના અગ્રસચિવશ્રી,ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી (જ. સં.)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રીઓ, રાજય કક્ષાના મંત્રીશ્રીઓ
- માનનીય અધ્યક્ષશ્રીઓ, સ.પ.સ.જ.સં. યોજના કાર્યાન્વયન સમિતિ ( ગુજ. ક્ષેત્ર / સૌ અને કચ્છ ક્ષેત્ર) , સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- ગુજરાત રાજયના સર્વે બોર્ડ-નિગમના અધ્યક્ષશ્રીઓ.
- ગુજરાત રાજયના સર્વે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ.
- ગુજરાત રાજયના સર્વે તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ.
- સર્વે સંસદ સભ્યશ્રીઓ.
- સર્વે ધારા સભ્યશ્રીઓ.
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલય, ગાંધીનગરના સર્વે વિભાગો.
- સચિવશ્રી, નર્મદા, જળસંપતિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રીઓ, ન, જ, પા.પૂ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત રાજય જળસંપતિ વિકાસ નિગમ લિ., ગાંધીનગર.
- નર્મદા, જળસંપતિ, પાણી પૂરવઠા અને ક. વિભાગના સર્વે અધીક્ષક ઈજનેરશ્રીઓ.
- નર્મદા, જળસંપતિ, પાણીપૂરવઠા અને ક. વિભાગના સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ.
- નર્મદા, જળસંપતિ, પાણીપૂરવઠા અને ક. વિભાગના સર્વે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓ.
- રાજયના સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- રાજયના સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉંટન્ટ જનરલ, ગુજરાત રાજય, રાજકોટ / અમદાવાદ.